# વિશ્વવિહાર

વર્ષ : 17 * અંક : 6 * માર્ચ 2015 * કિં. ₹ 10



ઈન્ટરનેટના વ્યસનનો ઈલેક્ટ્રોએન્સેફેલોગ્રાફી (EEG)



મોડાસામાં શ્રી ધીરુભાઈ ઠાકર સ્મૃતિ વ્યાખ્યાનમાળામાં અરુણભાઈ શાહના પ્રમુખપદે યોજાયેલા પ્રસંગે દાઉદભાઈ ઘાંચી અને રતિલાલ બોરીસાગરનું વક્તવ્ય



શ્રી પ્રવીણ ક. લહેરીલિખિત 'સ્મરણ સરદારનું' અને 'રંગેચંગે રાજુલા'ના વિમોચન પ્રસંગે


ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી કુમારપાળ દેસાઈ,
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, બારડોલપુરા, દરિયાપુર દરવાજા બહાર, અમદાવાદ ૩૮૦ ૦૦૪

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org

છૂટક કિંમત રૂ. ૧૦/-, વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦/-, ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૩૦૦/-

લવાજમ 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ. થી જ મોકલવું


[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# ઇન્ટરનેટ : એક આધુનિક વ્યસન

વ્યસનોમાં એક વ્યસનનો વધારો થયો છે. એ વ્યસન 'ઇન્ટરનેટ'નું વ્યસન છે. ખાસ કરીને બાળકો અને કિશોરોમાં તેનો ફેલાવો ઝડપથી થઈ રહ્યો છે. ચીનમાં તો વ્યસનમુક્તિ સંસ્થાઓ છે જે તેને માટે કામ કરે છે. પ્રગતિશીલ દેશોમાં આ વ્યસન ફેલાયેલ છે. જોકે આપણા દેશમાં મોટાં શહેરો સિવાય હજુ તેનો વ્યાપ થયો નથી.

અલબત્ત આપણા દેશમાં બીજાં વ્યસનો પ્રચલિત છે. શરાબનું વ્યસન તો પરાપૂર્વથી પ્રચલિત છે. વધુ પડતા શરાબનું સેવન કરવાથી માણસને ચિત્તભ્રમ થઈ જતું હોય છે. શરાબના નશામાં તે ભાન ભૂલી જાય છે. લવારો કરે છે. પોતાના શરીરનું સમતોલન જાળવી શકાતું નથી. અતિસેવનથી તેને લીવરની બીમારી થાય છે. પેન્ક્રિયાસની બીમારી થાય છે. હૃદયની બીમારી થાય છે. કેન્સર થાય છે. આ બધું જાણવા છતાં તે તેના વ્યસનને છોડી શકતો નથી. આવી વ્યક્તિ બરબાદ થઈ જાય છે અને તેનું કુટુંબ પણ બરબાદ થઈ જાય છે. આવા લોકોને વ્યસન છોડાવવા 'વ્યસનમુક્તિ કેન્દ્ર' સરકારી ધોરણે કે બિનસરકારી ધોરણે કેટલીક સંસ્થાઓ કામ કરતી હોય છે.

આ ઉપરાંત નશીલી દવાનું વ્યસન વધતું જાય છે. કેટલાંક યુવાનો અને યુવતીઓ તેને રવાડે ચઢી પોતાની જિંદગી બરબાદ કરતાં હોય છે. ગાંજો, હશીશ, અફીણ, હેરોઇન, મેરીઝુઆના વગેરે દવાઓ નશીલી દવાઓ હોય છે. આ દવાઓ ચોરીછૂપીથી દેશમાં ઘુસાડવામાં આવે છે. કટેલીક તો દેશમાં જ ઉત્પન્ન થાય છે. આવી દવાના નશાની મુક્તિ માટે પણ કેન્દ્રો હોય છે. આવાં બધાં વ્યસનોને રવાડે ચઢેલાને એટલી બધી તલપ હોય છે કે તે રોકી શક્તો નથી. તેના માટે માથાં પછાડે છે. અંગ્રેજીમાં તેને Craving કહે છે.

આ વ્યસનોમાં એક નવા વ્યસનનો ઉમેરો થાય છે. કોઈ બાળક, કિશોર કે યુવાન ઇન્ટરનેટ ચાલુ કરી કમ્પ્યૂટર સામે બેસી રહે છે. તેમાં પાશ્ચાત્ય સંગીત, ઉન્માદ પ્રેરે તેવાં ગીતો અને નૃત્યો, તમે પોતે ભાગ લઈ શકો તેવી રમતો, સારા અને નરસા જોક્સ – એવા કાર્યક્રમો આવતા હોય છે. આ અવનવા કાર્યક્રમો જોવા માટે અને માણવા માટે સતત કમ્પ્યૂટર કે લેપટોપ સામે બેસી રહેતા હોય છે. આમાં કાંઈ ખાવાનું કે પીવાનું હોતું નથી. ઊલટાનું તે ભૂલી જવાનું હોય છે. આમાંથી મુક્ત થવાનો ઉપાય શું ?

જે બાળકો ઓનલાઇન લાંબો સમય વિતાવતાં હોય છે તેમના પર દેખરેખ રાખવી જોઈએ. તમારાં બાળકોને તમે 'ઉપચાર' માટે મોકલી શકો છો.

ચીનમાં બેજિંગસ્થિત ઇન્ટરનેટ વ્યસન ઉપચાર કેન્દ્રમાં બાળકોને મિલિટરી પ્રકારની પ્રવૃત્તિ કરવી પડતી હોય છે. તેમાં ડ્રીલ જેવી કસરતો કરવી પડતી હોય છે. દેશભક્તિનાં ગીતો ગાવાં પડતાં હોય છે. તેઓને ઇન્ટરનેટના ઉપયોગની મનાઈ હોય છે. સૌથી પહેલાં ઉમેદવાર જે અનુભવ કરે છે તેના મગજની ચકાસણી કરવી પડે છે. તે માટે 'ઇલેક્ટ્રોએન્સેફેલોગ્રાફી'(EEG)નો ઉપયોગ કરવામાં આવે છે. જેવી રીતે હૃદયની ચકાસણી માટે ઈસીજી(Electro Cardio Gram)નો ઉપયોગ કરવામાં આવે છે તેવી રીતે મગજની ચકાસણી માટે ઈઈજીનો ઉપયોગ થાય છે. તેના ઇલેક્ટ્રોડ મગજમાં જુદા જુદા સ્થાને લગાડવામાં આવે છે. તેનો પ્રોગ્રામ કાર્યાન્વિત કરનાર માનસશાસ્ત્રી 'તાઓ રાન'નો દાવો છે કે મગજ ઇન્ટરનેટ અને હેરોઇનના વ્યસનીનું ડિસ્પ્લે એકસરખી સમરૂપતા બતાવે છે.

આ કેન્દ્રોની સંખ્યામાં વધારો થતાં એવા અહેવાલો છે કે કેટલાંક કેન્દ્રોમાં અહેવાલોમાં સારવાર સાથોસાથ પાશવતા દાખવવામાં પણ આવે છે. હેનાન પ્રાંતના એક કેમ્પની હમણાં આકરી ટીકા કરવામાં આવી હતી. ત્યાં પાશવતાને કારણે એક ૧૯ વર્ષની યુવતી મૃત્યુ પામી હતી, કારણ કે અધિકારીઓ તરફથી તેને શારીરિક દંડ કરવામાં આવ્યો હતો. આ ફોટોગ્રાફ ફર્નાન્ડો મોરાલેએ લીધો હતો. તે ચાર દિવસ બેજિંગના કેન્દ્રની મુલાકાતે જૂન, ૨૦૧૪માં પત્રકાર ઝિગોર એલ્ડામા સાથે ગયા હતા.

એવી પણ વાત આવી છે કે જે સજા કરવામાં આવે છે તેમાં ઇલેક્ટ્રિક શોક, શારીરિક ત્રાસ અને કેદ કરવામાં આવે છે, પણ તેની સાબિતી મળી નથી.

બાળકોને જ્યારે ખબર પડે કે તેમને કેન્દ્રમાં પૂરી દેવામાં આવનાર છે ત્યારે સામાન્યતઃ તેઓ ગુસ્સો કરે છે. જ્યારે માતાપિતા તેમને અગાઉથી જાણ કર્યા વિના, સમજાવ્યા વિના કેન્દ્રમાં મૂકી આવે ત્યારે તેમને વ્યસન છે તે તેઓ સ્વીકારતા જ નથી; પરંતુ સમય પસાર થતાં તેઓ વધારે ને વધારે મળતાવડા અને શાંત થઈ જાય છે. તેઓને ત્યાં રમતગમતની તાલીમ આપતા હોવાથી તેમના શરીરનો આકાર વધારે સારો થાય છે.

– બિહારી છાયા

## વાચકમિત્રોને

છેલ્લાં પંદર વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦નું મ. ઓ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૩ – એ સરનામે મોકલશો. બે, ત્રણ, ચાર કે પાંચ વર્ષનું લવાજમ પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો. □

# સ્વાઇન ફ્લૂ

ઇન્ફ્લુએન્ઝા વિષાણુ(virus)થી થતો રોગ છે. તેને 'ફ્લૂ' પણ કહે છે. ડુક્કરને થતો ફ્લૂનો રોગ સ્વાઇન ફ્લૂ કહેવાય છે. તેનો ચેપ જ્યારે માણસને લાગે ત્યારે તે પણ સ્વાઇન ફ્લૂનો શિકાર બને છે. ડુક્કરો સાથે સંસર્ગમાં આવતી વ્યક્તિઓમાં તે ચેપ ફેલાય છે. ત્યારબાદ તેનું સંક્રમણ માણસ-માણસ વચ્ચે પણ થાય છે. માણસમાં તેના ચિહ્નો અને લક્ષણો સામાન્ય ફ્લૂ જેવાં જ હોય છે – તાવ, ખાંસી, ગળું આવી જવું, શરીરમાં કળતર થવી, માથું દુખવું, થાક લાગવો અને કંડી વાયા કરવી. સન ૨૦૦૯ના વાવડ વખતે ઝાડા-ઊલટી પણ થયાં હતાં. આમ સ્વાઇન ફ્લૂનાં ચિહ્નો અને લક્ષણો ખાસ વિશિષ્ટ નથી. તે વખતના વ્યાપક ઉપદ્રવમાં ચેપનો ફેલાવો ડુક્કરથી માનવમાં થયો ન હતો પણ માનવ અને માનવ વચ્ચે ફેલાવો થયો હતો. મોટા ભાગના કિસ્સામાં મંદ પ્રકારનો વ્યાધિ થાય છે અને તેથી નિશ્ચિત નિદાન થયું હોય તેવા કિસ્સાઓની સંખ્યા કરતાં ઘણા વધારે પ્રમાણમાં તેનો વ્યાપ ફેલાયેલો હોય છે. શ્વસનકાર્યમાં નિષ્ફળતા ઉદ્ભવે (શ્વાસ ચડવો), ન્યુમોનિયા થાય, વધુ પડતો તાવ થવાથી મસ્તિષ્ક-ચેતાતંત્રીય વિકાર (દા. ત. ખેંચ કે આંચકી આવવી) ઉદ્ભવે કે ઝાડા-ઊલટીથી શરીરમાંનું પ્રવાહી ઘટી જાય (નિર્જલન, dehydration) કે ફેફસાં-હૃદયના રોગો કે મધુપ્રમેહની તકલીફમાં વધારો થાય તો ક્યારેક મૃત્યુ નીપજે છે.

કારણવિદ્યા અને નિદાન : સ્વાઇન ફ્લૂ કરતા વિષાણુને સ્વાઇન ઇન્ફ્લુએન્ઝા વિષાણુ (SIV) અથવા સ્વાઇન-ઓરિજિન ઇન્ફ્લુએન્ઝા વિષાણુ (S-OIV) કહે છે. તેમાં ઇન્ફ્લુએન્ઝા-સી વિષાણુ તથા H1N1, H1N2, H2N1, H3N1, H3N2 અને H2N2ની સંજ્ઞા ધરાવતા વિષાણુઓનો સમાવેશ થાય છે. સન ૨૦૦૯નો વ્યાપક ચેપ (વાવડ) H1N1 વિષાણુથી થયો હતો. તેના નિદાન માટે મોં કે નાકના પ્રવાહીને RNA-વિષાણુને જાળવી રાખતા ફિલ્ટર પેપર કાર્ડ વડે રીઅલ-ટાઇમ PCR નામની પદ્ધતિ દ્વારા તપાસવાથી ચોક્કસ નિદાન થઈ શકે છે.

સારવાર : ડુક્કરમાં તે ભાગ્યે જ જીવનને જોખમ કરે છે. પ્રાણીને થોડો આરામ અને રાહતદાયી સારવાર વડે સારું થાય છે. જ્યાં ડુક્કરો ઉછેરાતાં હોય તેવા ખેતરમાં તેના ફેલાવાને રોકવા માટે રસીકરણ અને અન્ય પ્રક્રિયાઓ કરી શકાય છે. માણસમાં તેના ચેપથી વ્યાધિ થાય તો ચિહ્નો-લક્ષણો ઉદ્ભવે તેના પ્રથમ ૨ દિવસમાં ઓસેલ્ટેમિવિર (ટેમિફ્લુ) કે ઝેનેમિવિર(રેલેન્ઝા)ની મુખમાર્ગી ગોળીઓ કે પ્રવાહી આપવાનું શરૂ કરવાથી રાહત મળે છે. જોકે મોટી સંખ્યામાં દર્દીઓ કોઈ પણ વિશેષ સારવાર ન કરવા છતાં પણ સામાન્ય સ્થિતિ પુનઃ પ્રાપ્ત કરી શકે છે. જેમને ફેફસાંનો

કે હૃદયનો લાંબા સમયનો કોઈ વ્યાધિ હોય કે જેમાં શ્વાસ ચડતો હોય તો તેમણે તબીબી સહાય તરત જ લેવી ઘટે. જેઓ હૉસ્પિટલમાં દાખલ થયેલા હોય, ૫ વર્ષથી ઓછી (ખાસ કરીને ૨ વર્ષથી ઓછી) ઉંમર, ૬૫ વર્ષથી વધુ ઉંમર, સગર્ભાવસ્થા, ગર્ભપાત કે પ્રસૂતિ પછીના પ્રથમ ૨ સપ્તાહ, ૧૯ વર્ષથી નાની ઉંમર અને લાંબા ગાળાની ઍસ્પિરિનની સારવાર ચાલતી હોય, દમ, એમ્ફિસિમા (વાતસ્ફિતિ), હૃદયરોગ, મધુપ્રમેહ, ચેતા-સ્નાયુના વિકારો, વધુ પડતું વજન (મેદસ્વિતા) અને મૂત્રપિંડ, યકૃત કે લોહીનો રોગ હોય તો તેમને વધુ જોખમ રહે છે.

દર્દીએ પુષ્કળ પ્રવાહી લેવું જોઈએ જેમાં પાણી, ફળના રસ અને હૂંફાળું સૂપ લઈ શકાય જેથી રંગવિહિન કે આછા પીળા રંગનો પેશાબ થતો રહે. દર્દી આરામ કરે અને પૂરતી ઊંઘ લે જેથી તેનું પ્રતિરક્ષાતંત્ર (immune system) બરાબર કામ કરે. બાળકોમાં ઍસ્પિરિનનો ઉપયોગ ન કરવો જેથી રેયેના જીવલેણ સંલક્ષણનું જોખમ ન થાય. પીડાશામકો લેતી વખતે યોગ્ય સાવચેતી રાખવી જોઈએ.

પૂર્વનિવારણ : ચેપવાહક કે ચેપગ્રસ્ત વ્યક્તિ કે પ્રાણીના સંસર્ગમાં આવનાર વ્યક્તિએ ફેસ-માસ્ક અને હાથમોજાં પહેરવાં આવશ્યક છે. તેથી થૂંકબિન્દુ કે હસ્ત-મુખમાર્ગી, હસ્ત-નાક માર્ગી કે હસ્ત-આંખમાર્ગી ચેપના ફેલાવાને અટકાવી શકાય. વારંવાર અને ઘસીને હાથ ધોયા વગર કે સેનિટાઇઝરથી સાફ કર્યા વગર મોં, નાક કે આંખને અડવાથી ચેપ ફેલાય છે. તેથી ચહેરાને અડવાની વૃત્તિ પર સ્વનિયંત્રણ રાખવું જરૂરી છે. ડુક્કરનું માંસ ખાવાથી આ ચેપ ફેલાતો નથી. સેલફોન, ટૅબ્લેટ, ટેલિફોન, કમ્પ્યૂટરનું કીબોર્ડ વગેરે પર ખાંસી કે છીંકથી ચોંટેલા વિષાણુવાહી બિન્દુ પણ ચેપ ફેલાવી શકે છે. તેવી રીતે હાથ મિલાવવાની ટેવને બદલે નમસ્કાર કરવાનો શિષ્ટાચાર ચેપના ફેલાવાથી રક્ષણ આપી શકે છે. ચેપગ્રસ્ત વ્યક્તિ ઘરે અથવા એકાંતમાં અલગ રહે, તેની સારવાર કરનાર સૌ વારંવાર સાબુથી ઘસીને હાથ ધુએ અને આલ્કોહોલવાળા સેનિટાઇઝરનો ઉપયોગ કરે. કોઈ પણ વ્યક્તિ ખાંસી કે છીંક ખાતી વખતે મોં-નાક આગળ રૂમાલ રાખે. જાહેર મેળાવડા કે ભીડથી દૂર રહેવું જોઈએ. દર્દીના ચેપગ્રસ્ત પ્રવાહી અને અન્ય કચરાને ૭૦ % ઇથેનોલ કે ૫ % લાયઝોલ વડે શુદ્ધ કરવા જોઈએ.

સ્વાઇન ફ્લૂના વિષાણુ સામેની રસીની એક માત્રા ૧૦ દિવસમાં રક્ષણ આપે છે. આરોગ્યકાર્યકરો અને સંભવિત ચેપવશ્ય વ્યક્તિઓ તથા સામાન્યજન તેનો ઉપયોગ કરી શકે છે. જેઓ સ્વાઇન ફ્લૂના ચેપ કે ચેપગ્રસ્ત વ્યક્તિના સંસર્ગમાં આવ્યા હોય તેઓ ૧૦ દિવસ માટે ટેમિફ્લૂ નામની દવાને દિવસમાં એક વખતે લે તો તે લાભકારક રહે છે.

– શિલ્પીન નંદુભાઈ શુક્લ

# જર્જરિત ઇમારત

શું દેશમાં કે શું દુનિયામાં પ્રત્યેક ચૂંટણી અનન્ય હોય છે. ભારત જેવા દેશમાં આ વાત ગંભીર રીતે યથાર્થ રહી. ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીથી રાજકીય તખ્તા પર ભારે ઊથલપાથલ થઈ. ભાજપ મજબૂત બહુમતી સાથે સત્તા પર આવ્યો તો જૂનો જાજરમાન કૉંગ્રેસ પક્ષ માત્ર બે આંકડાની સંખ્યામાં સમેટાઈ ગયો. કૉંગ્રેસનું આમ આ હદે સમેટાઈ જવું રાજકીય પંડિતો, અભ્યાસીઓ અને તજ્જ્ઞોની કલ્પના બહારનું પરિણામ હતું. આ ઘટનાને પગલે પછીથી આવેલી વિધાનસભાની ચૂંટણીઓ અને છેવટે દિલ્હી ચૂંટણીનાં પરિણામોએ આ પક્ષના અસ્તિત્વને માટે ભારે ખતરો ઊભો કર્યો. ઇન્દિરા ગાંધીના નિધનના વર્ષોથી કૉંગ્રેસ પક્ષ સંગઠન અને નેતૃત્વની સમસ્યાનો સામનો કરી રહ્યો છે. પક્ષની જૂથબાજીએ તેની ખરી તાકાતને વારંવાર પડકારી છે. ગેરવહીવટ અને ભ્રષ્ટાચારને છાવરીને જેમતેમ ગાડું ગબડાવાતું હતું. પક્ષના પ્રથમ પંક્તિના નેતાઓ આ કટોકટીની ઘડીઓમાં વેરવિખેર બનીને તેમના મૂળ સ્થાન કે વ્યવસાય ભણી ગતિ કરી રહ્યા હતા, ત્યારે પક્ષના ઉપપ્રમુખ રાહુલ ગાંધી એકાએક રજાઓ પર ઊતરી ગયા છે. આ રજાઓનો ગાળો બેથી છ સપ્તાહ સુધીનો હોવાની માહિતી સમાચારપત્રોએ વહેતી કરી છે. તે ઘટના અનેક શંકા-કુશંકા જન્માવે છે અને ઘણા સૂચિતાર્થો ધરાવે છે. એથી ખુદ પક્ષના અસ્તિત્વ સામે પ્રશ્નાર્થચિહ્ન ઊભું થયું છે. સોનિયા ગાંધીનું નેતૃત્વ મંદ પડવા સાથે રાહુલ ગાંધીનું નવું નેતૃત્વ ટૂંકા ગાળામાં લગીરે આશાસ્પદ પુરવાર થયું નથી. પ્રજાકીય સભાઓ કે ટોળાંઓને સંમોહિત કરી શકે તેવું પ્રભાવક વ્યક્તિત્વ તેમણે આજ સુધી દર્શાવ્યું નથી. નેતૃત્વની આ મર્યાદા અને નિરાશા તેઓ ખુદ સમજ્યા હશે તેથી રજાઓ પર જવાનું તેમણે પસંદ કર્યું હશે !

બીજું, પ્રજા અને સમાજ નવી અપેક્ષાઓ સાથે કૉંગ્રેસ પક્ષને જોવા ઉત્સુક છે. એવી નાવીન્યપૂર્ણ નીતિઓની આગેવાની તેઓ લઈ શકે તેમ છે ખરા ? એ માટેનું વૈચારિક માળખું તેમની પાસે છે ? પક્ષના વરિષ્ઠ નેતાઓ સાથે વિચારોનો મેળ તેઓ બેસાડી શકશે ખરા ? જ્યોતિરાદિત્ય સિંધિયા જેવા યુવાપેઢીના રાજકારણીઓ સાથે તેઓ તાલમેલ ગોઠવી શકશે ખરા ? લોકસભામાં મજબૂત અડીખમ વિરોધનું નેતૃત્વ કરી શકશે ખરા ? નવેસરથી બેઠા થવાની, કે આક્રમક દલીલબાજીમાં ઊતરવાની ખાંખત તેઓ ધરાવે છે ? જમીન સંપાદન કાયદાની લોકસભામાં રજૂઆત થવાની હતી તેવા અણીના સમયે રજા પર ઊતરવાની તેમની ચેષ્ટા તેમની પરિપક્વતાના બદલે તેમની બાળકબુદ્ધિ વ્યક્ત કરનારી નીવડે તેનો તેમને વિચાર નહીં આવ્યો હોય ? આવા તમામ પ્રશ્નો છેવટે તો તેમને સ્થિરને બદલે અસ્થિર નેતૃત્વની દિશામાં લઈ જાય છે. પક્ષના વરિષ્ઠ નેતાઓ

આવાં કારણોસર જ તો રાહુલના નેતૃત્વનો વિરોધ નહીં કરતા હોય ને ! ખુદ સોનિયા ગાંધી સાથે પણ આ બાબતે મતભેદ હોવાની શક્યતા અવગણી શકાય નહીં.

રાહુલની રજાઓને ન્યાયી ઠેરવવાનો પ્રયાસ અગ્રિમ પંક્તિના કેટલાક નેતાઓએ કર્યો છે. પણ તેઓ આ વાત કોઈનાયે ગળે ઉતારી શક્યા નથી. નેતાઓના આવા ઠાલા પ્રયાસોથી કશું સિદ્ધ થતું નથી. એથી પક્ષ-પ્રમુખ સોનિયા ગાંધી વધુ મુંઝવણભરી સ્થિતિમાં મુકાયાં છે. "તેઓ પાછાં ફરીને તેમનો કાર્યભાર સંભાળી લેશે." એવો સધિયારો ઠાલો જણાય છે. પક્ષની અંદરના માહિતીકારો જણાવે છે તેમ પક્ષના પ્રમુખ અને ઉપપ્રમુખ – સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી – વચ્ચે ન સાંધી શકાય તેવી નેતૃત્વની તિરાડ ઊભી થઈ હોવાના આ સંકેતો છે. અન્ય એક અર્થઘટન એમ પણ કહે છે કે તેઓ રાજકારણમાંથી કાયમી વિદાય લેવા ચાહે છે તેથી આવા મોકાના સમયે તેમણે ગેરહાજર રહેવાનું – રજા પર ઊતરવાનું પસંદ કર્યું. એક અન્ય વિકલ્પ અનુસાર જાન્યુઆરીના અંતમાં જ તેઓ બે મહિનાની રજા પર ઊતરવાના હતા પણ શ્રીમતી સોનિયા ગાંધીએ દિલ્હીની ચૂંટણીઓ પહેલાં રજા પર ન જવાની સલાહ આપી તેથી તેમને ખરેખર એ સમય લંબાવીને ફેબ્રુઆરી પર લઈ જવો પડ્યો હતો. દેશનું નામના ધરાવતું રાષ્ટ્રીય અંગ્રેજી અખબાર હળવા હાથે છેલ્લી એક નુકતાચીની કરે છે કે કશાયે પુરાવા ન હોવા છતાં કદાચ તેઓ લગ્નગ્રંથિથી જોડાવાના હશે.

સાચી વાત જે હોય તે પરંતુ જેમ વ્યક્તિના જીવનમાં આરંભ, સક્રિય વિકાસનો વેગીલો તબક્કો અને ઢળતી નિષ્ક્રિય સંધ્યા – એમ ત્રણ સ્તરો સમયાંતરે આવે છે એ જ રીતે ખરેખર તો સંસ્થા કે સંગઠનના કાર્યકાળમાં પણ આવા ત્રણ સ્તરો આવતા હોય છે. સક્રિય વિકાસ પછી નિષ્ક્રિય સંધ્યાનો આવો કાર્યકાળ દરેક સંગઠનોએ વેઠવાનો હોય છે. ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીથી કૉંગ્રેસ પક્ષ અને તેનું નેતૃત્વ આવા ત્રીજા તબક્કામાં પ્રવેશ્યા છે એમ કહી શકાય.


વાસ્તવમાં પક્ષીય સંગઠનને છેક પાયામાંથી અને નવેસરથી મજબૂત બનાવવાની જરૂર છે. પક્ષે આજ સુધી બદલાતા સમયને અનુરૂપ બનવાની ત્રેવડ દાખવી નથી. સમયને અનુરૂપ નવી રણનીતિ વગર જૂના અને જરીપુરાણા ખ્યાલો પર હવે પક્ષ ટકી શકે તેમ નથી. કૉંગ્રેસ પક્ષે પોતાનો ઢાંચો, કાર્યશૈલી અને સંવાદના સ્વરૂપમાં આમૂલ પરિવર્તન લાવ્યા વગર છૂટકો નથી. એમ ન બને તો પક્ષની જર્જરિત ઇમારત તૂટતાં વાર લાગવાની નથી.

લોકશાહીમાં બીજો મજબૂત પક્ષ (વિરોધ પક્ષ) એ અનિવાર્ય આવશ્યકતા હોય છે. આશા રાખીએ કે ફિનિક્સ પક્ષીની જેમ કૉંગ્રેસ પક્ષ આ તૂટતી તિરાડોમાંથી બેઠા થવાનું કૌવત બતાવે. એથી દેશની મોટી સેવા થશે.

– રજ્ઞા મ. વ્યાસ

# શ્રી પી. સી. શાહ

છેલ્લાં બે વર્ષથી ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં માર્ગદર્શક ગ્રંથપાલ તરીકે ઉમદા સેવાઓ આપનાર શ્રી પ્રવીણભાઈ ચીમનલાલ શાહ(પી. સી. શાહ)નું ગઈ ૨૨મી ફેબ્રુઆરીએ દુઃખદ અવસાન થયું. શ્રી પી. સી. શાહ એટલે સતત ગતિ અને પ્રગતિના દ્યોતક.



શ્રી પી. સી. શાહ

વિવિધ સંસ્થાઓમાં પોતાની સેવાઓ પ્રદાન કરીને અનેક વ્યક્તિઓ સાથે સેવા-ભાવનાના અને પ્રેમ-ભાવનાના કાર્યસંબંધો બાંધનાર શ્રી પ્રવીણભાઈને ગ્રંથાલય ક્ષેત્રની વ્યક્તિઓ તો ઓળખે જ પરંતુ અન્ય ક્ષેત્રની વ્યક્તિઓ પણ એમના પ્રાવીણ્યથી પ્રભાવિત થતી.

શ્રી પી. સી. શાહના સૌમ્ય વ્યક્તિત્વ અને હસમુખા સ્વભાવથી સૌ કોઈ એમનાથી આકર્ષાતા અને પછી કાર્યસંબંધથી ગૂંથાતા. શ્રી પી. સી. શાહનો જન્મ અમદાવાદમાં ૫ ડિસેમ્બર, ૧૯૩૧ના રોજ થયો હતો. પિતાનું નામ ચીમનભાઈ, માતાનું નામ ચંદનબહેન. પિતાનો વ્યવસાય મુદ્રણનો એટલે શ્રી પી. સી. શાહ પહેલેથી જ એમાં માહિતગાર થયેલા. એમણે ગુજરાત યુનિવર્સિટીમાંથી એમ.એસસી. (રસાયણશાસ્ત્ર), એમ.એ. (ભારતીય સંસ્કૃતિ સાથે) થયા બાદ મ. સ. યુનિવર્સિટીમાંથી ૧૯૫૯માં બી.એલ.આઈ.એસસી. (બેચલર ઑફ લાઇબ્રેરી ઍન્ડ ઇન્ફર્મેશન સાયન્સ)ની પદવી મેળવી. ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી અને શ્રેયસ ફાઉન્ડેશન (શ્રેયો ભારતી) અને અટિરામાં ૧૯૬૨થી ૧૯૯૬ દરમિયાન ગ્રંથપાલ, મૅનેજર, આસિસ્ટન્ટ ડિરેક્ટર અને નિક્ટાસના અધ્યક્ષ તરીકેના હોદ્દાઓ પર કાર્યભાર સંભાળીને ૩૧ ડિસેમ્બર ૧૯૯૬માં નિવૃત્ત થયા હતા. ત્યારબાદ ઍડિનેટ(Ahmedabad Library Network)માં વર્ષ ૨૦૦૦થી ૨૦૦૫ સુધી માનદ ડિરેક્ટર તરીકે સેવાઓ આપી હતી.

શિક્ષણ વિશે વિચારીએ તો ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓમાં શિક્ષણકાર્ય કર્યું તેમજ ભારતના ગ્રંથાલય ક્ષેત્રોનાં બે અગ્રગણ્ય મંડળો જેવાં કે ILA (Indian Library Association) અને IASLIC(Indian Association of Special Libraries & Information Centres)નું ઉપપ્રમુખપદ શોભાવ્યું છે.

ગુજરાતી ગ્રંથાલય સેવાસંઘ સંસ્થાની સ્થાપનામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. આ સંસ્થાના મંત્રીપદે, ઉપપ્રમુખપદે રહ્યા બાદ છેલ્લાં વીસ વર્ષથી પ્રમુખપદે રહીને સંસ્થાને પ્રગતિના શિખરે બિરાજમાન કરી સેવાસંઘના ત્રૈમાસિક સંપર્ક 'ગ્રંથલોક'નું તંત્રીપદ વર્ષો સુધી સંભાળ્યું હતું. સેવાસંઘ આયોજિત ૩૧ જેટલા પરિસંવાદોનાં આયોજન અને તેને સફળ બનાવવામાં ખૂબ જ પરિશ્રમ લીધો હતો.

તેમનાં પ્રકાશનો અને સંપાદનોમાં (૧) Directory of Library Science and Information Centres in Gujarat (૨) ૧૫૦ જેટલાં સંશોધનપત્રો દેશ-વિદેશનાં સામયિકોમાં પ્રસિદ્ધ થયાં છે. (૩) અટિરાના કાર્યકાળ દરમિયાન TEXICON (Q) (Textile Information Condensed)નું પ્રકાશન ચાલુ કરેલું. (૪) NICTAS (National Information Centre for Textile & Allied Subjects)નું કેન્દ્ર ભારત સરકારના સહયોગથી ચાલુ કરવા અથાક પ્રયત્નો કરેલા અને ચાલુ કરેલું. આ કેન્દ્રની સ્થાપનાથી સારી એવી પ્રતિષ્ઠા મળી હતી.

ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી (PRL)માં ગ્રંથપાલ તરીકેની કારકિર્દીના પ્રારંભે ભારતના પ્રસિદ્ધ વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈ સાથે કાર્ય કરવાની તક મળી હતી. ગુજરાત ગ્રંથાલય ધારો ઘડવામાં, ગ્રંથાલયો અને ગ્રંથપાલોના રાહબર, ગ્રંથાલય ક્ષેત્રના વિવિધ પ્રશ્નોનું સમાધાન પ્રાપ્ત કરાવનાર અને અનેક નવી પ્રવૃત્તિઓના પ્રેરક હતા.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં આવીને ગ્રંથાલયની ગોઠવણી અને આગવી વ્યવસ્થા કરી. એમની આગેવાની હેઠળ ગ્રંથાલય સપ્તાહની ઉજવણી પણ કરવામાં આવી. 'ગુજરાત વિશ્વકોશ' અને 'વિશ્વવિહાર'માં એમના આ વિષયને લગતા લેખો અવારનવાર પ્રગટ થતા તેમજ વિશ્વકોશની વ્યાખ્યાનશ્રેણીમાં એમણે પ્રવચનો પણ આપ્યાં હતાં. સવિશેષ તો એમને વારંવાર વિનંતી કરવા છતાં એમણે કોઈ પણ પ્રકારે એમની સેવાઓ બદલ કોઈ રકમ સ્વીકારી નહોતી તેમજ નિઃસ્પૃહભાવે આ પ્રવૃત્તિમાં ઊંડો રસ લીધો હતો.

શ્રી પ્રવીણભાઈએ જીવન જીવી જાણ્યું અને મૃત્યુને મહોત્સવ બનાવીને પોતાના દેહનું દાન કરીને સમાજને પ્રેરણા પૂરી પાડીને જીવનને ધન્ય બનાવ્યું.

– કનુભાઈ એલ. શાહ

---

(બારમા પાનાનું ચાલુ)

આ ત્રણ નોબેલ પુરસ્કાર વિજેતાઓએ વિકસાવેલી તકનીકો પ્રકાશીય સૂક્ષ્મદર્શક કરતાં વધુ સારી હોઈ ૨૦ નૅનોમીટર સુધીનું વિભેદન શક્ય બન્યું છે. આધુનિક નૅનો–માપક્રમના સૂક્ષ્મદર્શકોને લીધે અલ્ઝાઇમર (Alzheimer), પાર્કિન્સન અને કૅન્સર જેવા રોગો સાથે સંકળાયેલ પ્રોટીનની પ્રક્રિયાઓ સમજવાનું અથવા પ્રોટીન ઉત્પન્ન કરવા માટે DNAના અનુલેખન (transcription) અને અર્થઘટન(translation)ને જોવાનું શક્ય બન્યું છે. આ સંશોધન દ્વારા ઔષધોની શરીરમાંની પારસ્પરિક ક્રિયાઓ તેમજ કૅન્સર જેવા રોગો માટે નવાં ઔષધો વિકસાવવામાં મદદરૂપ થઈ શકશે.

એમ કહી શકાય કે હવે સૂક્ષ્મદર્શિકી (microscopy) નહિ પણ નૅનોદર્શિકી-(nanoscopy)નું નવું ક્ષેત્ર વિકાસ પામશે.

– જ. દા. તલાટી

# ત્રણ નોબેલ પુરસ્કાર વિજેતાઓ

૨૦૧૪નો રસાયણશાસ્ત્ર માટેનો નોબેલ પુરસ્કાર અતિવિભેદિત પ્રસ્ફુરણ-સૂક્ષ્મદર્શિકી (Super-resolved fluorescence microscopy) વિકસાવવા બદલ ત્રણ વૈજ્ઞાનિકોને એનાયત કરવામાં આવ્યો છે. આ વૈજ્ઞાનિકો છે : ડૉ. એરિક બેટઝિગ (હાવર્ડ હ્યુજીસ મેડિકલ સેન્ટર, એશબર્ન, યુ.એસ.), ડૉ. સ્ટીફન હેલ (મેક્સ પ્લાંક ઇન્સ્ટિટ્યૂટ ફોર બાયોફિઝિકલ કેમિસ્ટ્રી, ગોટિંજન તથા જર્મન કેન્સર રિસર્ચ સેન્ટર, હેઇડેલબર્ગ, જર્મની) અને ડૉ. વિલિયમ મોર્નર (સ્ટેનફર્ડ યુનિવર્સિટી, સ્ટેનફર્ડ, યુ.એસ.). તેમનાં સંશોધનોએ પ્રકાશીય સૂક્ષ્મદર્શિકી(optical microscopy)ને નેનો ($૧૦^{-૯}$) પરિમાણ સુધી વિસ્તારી છે.

સૂક્ષ્મ વસ્તુને વધુ બારીકાઈથી જોવા માટે પ્રકાશીય સૂક્ષ્મદર્શકનો ઉપયોગ થાય છે. તેમાં થયેલી પ્રગતિને કારણે હરિતકણ (chloroplast) અને સૂત્રકણિકા (mitochondria) જેવાં કોશિકાંગો(organelles)ને જોવાનું શક્ય બન્યું છે પણ તેના વડે પ્રોટીન કે ડી.એન.એ. (DNA) જેવા અણુઓ સ્પષ્ટ વિભેદિત કરી શકાતા નથી.

અત્યાર સુધી વૈજ્ઞાનિકો એમ માનતા હતા કે પ્રકાશ અને લેન્સનો ઉપયોગ કરતા સૂક્ષ્મદર્શક વડે વસ્તુને જોઈ શકવાની એક મર્યાદા છે. ૧૮૭૩માં અર્ન્સ્ટ એબ્બે(Earnst Abbe)એ દર્શાવેલું કે ૨૦૦ નેમી. (નેનોમીટર) અથવા ૦.૨ માઇક્રોમીટર (માનવના વાળની જાડાઈનો ૫૦૦ ગણો નાનો ભાગ) કરતાં વધુ સારું વિભેદન પ્રકાશીય સૂક્ષ્મદર્શક વડે શક્ય નથી. એટલે કે હરિતકણ, સૂત્રકણિકા કે નાભિક(nucleus)ને પારખવાનું શક્ય છે પણ કોષમાં કાર્ય કરતા અણુઓ માટે તે શક્ય નથી. જોકે ઇલેક્ટ્રૉન માઇક્રોસ્કોપ જેવા સાધન વડે દસ લાખ ગણું આવર્ધન (magnification) શક્ય બન્યું છે પણ તેમાં પેશી(tissue)નું પ્રક્રમણ એક કંટાળાભરી વિધિ છે. વળી તેમાં પેશીનો નાશ થાય છે. જો જીવંત વસ્તુને જોવી હોય તો સામાન્ય પ્રકાશ દ્વારા તેનો નાશ ન થાય તેવું સાધન વિકસાવવું પડે. ૨૦૧૪ના આ નોબેલ પુરસ્કાર વિજેતાઓએ પ્રસ્ફુરક અણુઓના ઉપયોગ વડે જીવંત કોષોમાં અણુઓની ક્રિયાશીલતા તપાસવાનું શક્ય બનાવ્યું છે.

સ્ટીફન હેલ(જ. ૨૩ ડિસેમ્બર ૧૯૬૨, અરડ, રોમાનિયા)એ ૧૯૯૦માં હેઇડલબર્ગ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની પદવી મેળવી હતી. ૧૯૯૧થી ૧૯૯૩ દરમિયાન તેમણે હેઇડલબર્ગની યુરોપિયન મોલેક્યુલર બાયોલોજી લૅબોરેટરીમાં કાર્ય કરવા દરમિયાન ૪-Pi સૂક્ષ્મદર્શિકીનો સિદ્ધાંત વિકસાવેલો જ્યારે ૧૯૯૩થી ૧૯૯૯ના ગાળામાં તુર્કુ (Turku) યુનિવર્સિટી(ફિનલૅન્ડ)ના મેડિકલ ફિઝિક્સ વિભાગમાં સંશોધન કરવા દરમિયાન લેસર કિરણોના ઉપયોગ દ્વારા STED (Stimulated emission depletion) સૂક્ષ્મદર્શિકીનો

સિદ્ધાંત વિકસાવ્યો. ૨૦૦૨ના ઑક્ટોબરમાં તેઓ મેક્સ પ્લાંક ઇન્સ્ટિટ્યૂટ ફોર બાયૉફિઝિકલ કેમિસ્ટ્રી(ગોટિંજન)ના નિયામક બન્યા અને નૅનોફોટોનિક્સ (nanophotonics) વિભાગની સ્થાપના કરી. STED અને અન્ય પદ્ધતિઓ દ્વારા તેમણે દર્શાવ્યું કે સૂક્ષ્મદર્શિકીની વિભેદનશક્તિ નૅનોમીટર (૧૦$^{-૯}$ m) સુધી વિસ્તારી શકાય છે. ૨૦૦૩થી તેઓ જર્મન કૅન્સર રિસર્ચ સેન્ટર(હેઇડલબર્ગ)ના 'ઑપ્ટિકલ નૅનોસ્કોપી વિભાગ'ના મુખ્ય સંશોધક અને એસ્ટ્રૉનોમીના પ્રાધ્યાપક તરીકે કાર્ય કરી રહ્યા છે.

વિલિયમ મોયેર્નર અને એરિક બેટઝિગે એકાકી–અણુ–સ્પેક્ટ્રમિકી(single molecule spectroscopy)ની તકનીક એકબીજાથી સ્વતંત્ર રીતે વિકસાવી છે. જે વ્યક્તિગત અણુના પ્રસ્ફુરણને ચાલુ (on) અને બંધ (off) કરવાની શક્યતા પર આધારિત છે. આમાં દરેક વખતે થોડા અંતઃપ્રકીર્ણિત (interspersed) અણુઓને ઉદ્દીપ્ત (glow) થવા દઈ એના એ જ ક્ષેત્રનું અનેક વાર પ્રતિબિંબ મેળવવામાં આવે છે. આ પ્રતિબિંબોને એકબીજા ઉપર અધ્યારોપિત કરવાથી સઘન (dense) એવું અતિ-પ્રતિબિંબ મળે છે.

વિલિયમ મોયેર્નર(જન્મ ૨૪ જૂન, ૧૯૫૩, પ્લેઝન્ટન, કૅલિફૉર્નિયા)એ વૉશિંગ્ટન યુનિવર્સિટીમાંથી ત્રણ પદવીઓ (બી.એસ. ભૌતિકશાસ્ત્ર, બી.એસ., વિદ્યુતીય ઊર્જા અને એ.બી. ગણિતશાસ્ત્રમાં) મેળવી છે. તે પછી તેમણે કોર્નેલ યુનિવર્સિટીમાંથી ૧૯૭૮માં એમ.એસ. અને ૧૯૮૨માં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. ૧૯૮૧થી ૧૯૯૫ સુધી તેમણે IBM આલ્માડેન રિસર્ચ સેન્ટર(સાન જોઝે, કૅલિફૉર્નિયા)માં વિવિધ પદો પર કાર્યભાર સંભાળ્યો હતો. ૧૯૯૫થી ૧૯૯૮ દરમિયાન તેઓએ યુનિવર્સિટી ઑવ્ કૅલિફૉર્નિયા(સાન ડિયેગો)ના રસાયણશાસ્ત્ર અને જૈવરસાયણ વિભાગમાં કાર્ય કર્યું. ૧૯૯૮માં તેઓ સ્ટેનફર્ડ યુનિવર્સિટીમાં રસાયણશાસ્ત્રના પ્રાધ્યાપક બન્યા. તેમના હાલના સંશોધનકાર્યમાં એકાકી–અણુ–સ્પેક્ટ્રમિકી, અતિ-વિભેદન સૂક્ષ્મદર્શિકી, નૅનોફોટોનિક્સ વગેરેનો સમાવેશ થાય છે.

એરિક બેટઝિગ(જન્મ ૧૩ જાન્યુઆરી, ૧૯૬૦, એન આર્બર, મિશિગન, યુ.એસ.)એ કૅલિફૉર્નિયા ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ ટૅક્નૉલૉજીમાંથી ૧૯૮૩માં સ્નાતક(B.S.)ની જ્યારે કોર્નેલ યુનિવર્સિટીમાંથી ૧૯૮૫માં MSની અને ૧૯૮૮માં એપ્લાઇડ એન્જિનિયરિંગ ફિઝિક્સમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી હતી, ૧૯૮૬માં તેઓ એન આર્બર મશીન કંપનીમાં જોડાયેલા જ્યાં તેમણે Flexible Adaptive Servo–hydraulic Technology (FAST) વિકસાવેલી. ૨૦૦૬માં તેઓ હાવર્ડ હ્યુજીસ મેડિકલ ઇન્સ્ટિટ્યૂટના જેનેલિયા (Janelia) ફાર્મ રિસર્ચ કૅમ્પસમાં જોડાયા અને અતિવિભેદિત પ્રસ્ફુરણ સૂક્ષ્મદર્શિકી ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું.

(અનુસંધાન દસમા પાને)

# મારા હૃદયનો ભાવ

('કાવ્યમુદ્રા' ૨૦૧૪ના ઍવૉર્ડ અર્પણ પ્રસંગે કવિશ્રી નિરંજન ભગતે આપેલું વક્તવ્ય)

અહીં આ ક્ષણે આપની સન્મુખ ઉપસ્થિત રહીને મૌન દ્વારા મારા હૃદયનો ભાવ વ્યક્ત કરું એમ વિચાર્યું હતું. ક્યારેક શબ્દ દ્વારા જે કહેવાતું નથી તે મૌન દ્વારા કહેવાતું હોય છે. પણ આજનો પ્રસંગ એ ઔપચારિક પ્રસંગ છે. આવા પ્રસંગોમાં શિષ્ટાચારની એક પરંપરા હોય છે અને શબ્દ દ્વારા એ પરંપરાનું પાલન કરવું એ મારું કર્તવ્ય છે. કાવ્યમુદ્રા ટ્રસ્ટે એનો પ્રથમ કાવ્યમુદ્રા ઍવૉર્ડ મને અર્પણ કર્યો એ માટે ટ્રસ્ટનો અને એના સૌ કાર્યવાહકોનો હું હૃદયપૂર્વક આભાર માનું છું અને ઍવૉર્ડની પરંપરાનું ભાવિ ઉજ્જ્વળ હજો એવી શુભેચ્છા પાઠવું છું. આટલા શબ્દો શિષ્ટાચારની પરંપરાનું પાલન કરવા માટે પર્યાપ્ત ગણાય, પણ આ પરંપરામાં આદાનપ્રદાનનો શિષ્ટાચાર પણ અભિપ્રેત છે. પુરસ્કૃત વ્યક્તિને આ ઍવૉર્ડ કવિતા માટે અર્પણ કરવામાં આવે છે. એથી એ કવિતાના સંદર્ભમાં કંઈક વક્તવ્ય રજૂ કરે એવી પુરસ્કર્તાઓની અપેક્ષા હોય છે. એથી આજકાલ હું જે કાવ્યો લખી રહ્યો છું એના સંદર્ભમાં મારું વક્તવ્ય રજૂ કરવાની રજા લઉં છું.

આજકાલ હું પ્રેમ, મૈત્રી અને મેનહેટ્ટન વિશે કાવ્યો લખી રહ્યો છું. પ્રેમ અને મૈત્રીનાં કાવ્યો તો હું ૧૯૪૩થી આજ લગી – સિત્તેર વર્ષોથી લખી રહ્યો છું. પણ મેનહેટ્ટન વિશેનાં કાવ્યો એ ગુજરાતી ભાષામાં મારું નવું પ્રસ્થાન છે. ૧૯૮૫થી મેં એ કાવ્યો લખવાનો આરંભ કર્યો હતો. એથી આ પ્રસંગે એ કાવ્યોના સંદર્ભમાં વક્તવ્ય રજૂ કરવાનો ઉપક્રમ છે. પણ એ કાવ્યોના સંદર્ભમાં વક્તવ્ય રજૂ કરું તે પૂર્વે એ કાવ્યોની ભૂમિકાનો ઉલ્લેખ કરું તો એ ભૂમિકા હું એ કાવ્યો કેમ એટલે કે શા માટે લખી રહ્યો છું અને કેવાં કાવ્યો લખી રહ્યો છું એ સમજવામાં સહાયભૂત થશે.

કવિતા મારા રસનો વિષય છે. કવિતા ઉપરાંત મારા અન્ય ત્રણ રસના વિષયો છે : ઇતિહાસ, ફિલસૂફી અને વિજ્ઞાન. ૧૯૪૬થી ૧૯૪૮ લગી બે વરસ મેં મુંબઈમાં એલ્ફિન્સ્ટન કૉલેજમાં અંગ્રેજી સાથે બી.એ.નો અભ્યાસ કર્યો હતો. અભ્યાસક્રમમાં એક વિષય હતો પાશ્ચાત્ય વિવેચન. એથી ઍરિસ્ટોટલનું 'પોએટિક્સ' વાંચવાનું થયું હતું. 'પોએટિક્સ'ના ૯મા પ્રકરણમાં ઍરિસ્ટોટલે કહ્યું છે, 'Poetry is something more philosophical and more worthy of serious attention than history, for while poetry is concerned with universal truths, history deals with particular facts.' કવિતા સાથે ઇતિહાસ અને ફિલસૂફીના સંબંધ વિશે ઍરિસ્ટોટલનું આ વિધાન વાંચ્યું ત્યારથી ઇતિહાસ અને ફિલસૂફી મારા રસના વિષયો રહ્યા છે. ૧૯૫૭માં મનુષ્યે સ્પુટનિક દ્વારા પૃથ્વીની

ભ્રમણરેખાને ભેદી અને અવકાશયુગનો આરંભ થયો. પછી ૧૯૬૧માં યુરી ગેગેરીને અવકાશયાન દ્વારા અવકાશમાં પૃથ્વીની પ્રદક્ષિણા કરી અને મનુષ્યની અવકાશયાત્રાનો આરંભ થયો હતો. આ એક મહાન ઐતિહાસિક ઘટના ઘટી ત્યારથી વિજ્ઞાન મારા રસનો વિષય રહ્યો છે.

૧૯૪૪થી ૧૯૪૬ લગી બે વરસ મેં અમદાવાદમાં એલ.ડી. આર્ટ્સ કૉલેજમાં અભ્યાસ કર્યો હતો. ત્યારે અંગ્રેજીના મારા અધ્યાપક હતા સંતપ્રસાદ ભટ્ટ. એમની પ્રેરણાથી મેં એલિયટનાં કાવ્યો વાંચ્યાં હતાં. ત્યારથી આજ લગી હું એલિયટનાં કાવ્યો સતત વાંચતો રહ્યો છું. ૧૯૪૬થી ૧૯૪૮ બે વરસ હું અભ્યાસ અર્થે મુંબઈમાં રહ્યો ત્યારે આરંભમાં જ મને હરિશ્ચન્દ્ર ભટ્ટનો પરિચય થયો હતો. હરિશ્ચન્દ્ર ભટ્ટ ગુજરાતમાં યુરોપીય કવિતાનો પરિચય કરનાર અને કરાવનાર સૌપ્રથમ કવિ હતા. એમની પ્રેરણાથી યુરોપીય કવિતામાં મારો પ્રવેશ થયો હતો અને પ્રથમ બૉદલેરનાં કાવ્યો અને પછી રિલ્કેનાં કાવ્યો વાંચ્યાં હતાં. ત્યારથી આજ લગી હું બૉદલેર અને રિલ્કેનાં કાવ્યો સતત વાંચતો રહ્યો છું.

બે વરસ હું મુંબઈમાં રહ્યો ત્યારપછી પણ ૧૯૬૦ લગી વરસમાં ચાર-પાંચ મહિના ઉનાળા અને શિયાળાની રજાઓમાં સ્વજનો અને મિત્રોની સાથે મુંબઈમાં રહ્યો હતો. આ દોઢેક દાયકાના સમય દરમિયાન કોલાબાથી બોરીબંદર લગીના વિસ્તારોમાં રોજ સવારે કે સાંજે, મધ્યાહ્ને કે મધરાતે રાજમાર્ગો અને ગલીઓમાં ફર્યો હતો અને મુંબઈનાં સ્થળ, કાળ અને પાત્રોનો અનુભવ કર્યો હતો. ૧૯૪૬થી ૧૯૫૬ લગીના એક દાયકાના સમય દરમિયાન એલિયટ, બૉદલેર અને રિલ્કેનાં કાવ્યોની પ્રેરણાથી અને મારા અનુભવ પરથી મુંબઈનાં સ્થળ, કાળ અને પાત્રો વિશે – 'ફાઉન્ટનના બસસ્ટૉપ પર', 'ચર્ચગેટથી લોકલમાં', 'હોર્નબી રોડ', 'ગાયત્રી', 'પાત્રો' આદિ કુલ ૧૬ કાવ્યો લખ્યાં હતાં. ૧૯૫૬માં આ ૧૬ કાવ્યોનો એક ગુચ્છ 'પ્રવાલદ્વીપ' શીર્ષકથી પ્રગટ કર્યો હતો.

૧૯૪૩થી કાવ્યો લખવાનો આરંભ કર્યો હતો. ૧૯૪૩થી ૧૯૫૮ લગીના લગભગ દોઢેક દાયકાના સમય દરમિયાન પાંચ કાવ્યસંગ્રહો પ્રગટ કર્યા હતા. પણ પછી ૧૯૫૯થી ૧૯૯૬ લગીના લગભગ ચારેક દાયકાના દીર્ઘ સમય દરમિયાન કાવ્યો લખવાનું થયું ન હતું. આ મારો મૌનનો સમય હતો. પણ મારું એ મૌન વ્યર્થ કે વંધ્ય ન હતું. એમ હોત તો ૧૯૯૬થી પુનશ્ચ કાવ્યો લખવાનું થયું તે ન થયું હોત. મૌનના આ દીર્ઘ સમય દરમિયાન કાવ્યોની અનુપસ્થિતિમાં મેં મારા ત્રણ રસના વિષયો – ઇતિહાસ, ફિલસૂફી અને વિજ્ઞાન વિશે સતત યથાશક્તિ-મતિ વાચન-મનન કર્યું હતું.

ઇતિહાસના વાચન-મનનમાં મને ભારત, ગ્રીસ અને રોમના ઇતિહાસમાં વિશેષ રસ છે. ઈ. પૂ. ૩૦૦૦ની આસપાસ એશિયામાં મેસોપોટેમિયા, ઇજિપ્ત, ભારત અને ચીનમાં મનુષ્ય નગરોમાં વસ્યો હતો અને એણે સંસ્કૃતિનો વિકાસ કર્યો હતો. કાલક્રમે પ્રથમ ગ્રીસ અને રોમમાં અને ત્યારપછી યુરોપ અને અમેરિકામાં સંસ્કૃતિનો વિસ્તાર થયો હતો. આજે હવે સમગ્ર પૃથ્વી પર સંસ્કૃતિ અસ્તિત્વમાં છે. ભવિષ્યમાં એમાં સતત પરિવર્તનો અને વિકાસ થશે. પણ હવે પછી ભવિષ્યમાં સંસ્કૃતિનો વિસ્તાર થશે તો તે અવકાશમાં જ થશે એમ મને મારા ઇતિહાસના વાચન-મનન પરથી સમજાયું છે.

ફિલસૂફીના – સવિશેષ તો ઈશાવાસ્ય ઉપનિષદની ફિલસૂફીના મારા વાચન-મનન પરથી અને એમ સમજાયું છે કે આપણા પ્રાચીન પૂર્વજોએ એમની આંતરસ્ફુરણાથી બ્રહ્માંડનાં રહસ્યોને પામવાનો ભવ્ય પુરુષાર્થ કર્યો હતો. આજે હવે અવકાશયુગમાં વિજ્ઞાનીઓ એમની બુદ્ધિમત્તાથી બ્રહ્માંડનાં રહસ્યોને પામવાનો અથાગ પરિશ્રમ કરી રહ્યા છે અને યુગો લગી કરશે – અને તે પણ સર્વસ્વીકાર્ય પ્રમાણ સાથે.

વિજ્ઞાનના વાચન-મનનમાં મને જીવનની ઉત્પત્તિ અને ઉત્ક્રાંતિના વિજ્ઞાનમાં, જીવવિજ્ઞાનમાં વિશેષ રસ છે. કલ્પનાતીત એવી કોઈ ક્ષણે જળમાં જીવન, સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવાણુ ઉત્પન્ન થયું હતું. પછી અકલ્પ્ય એવા અતીતમાં જીવન, (જીવાણુ) જળની સીમાને અતિક્રમીને ભૂમિ પર વસ્યું હતું. આજે હવે એણે મનુષ્ય રૂપે પૃથ્વીની ભ્રમણરેખાને ભેદી છે. એથી હવે ભવિષ્યમાં એ ભૂમિ પરથી, પૃથ્વી પરથી અવકાશમાં વસશે. ઉત્ક્રાંતિના ક્રમમાં આમ થવું અનિવાર્ય છે. મનુષ્યના વિસ્મય અને કુતૂહલનો કોઈ પાર નથી. એના પરિશ્રમ અને પુરુષાર્થનો કોઈ અંત નથી. એથી એની એ જીવનયાત્રા અવિરત અને અવિશ્રામ હશે અને અંતે મનુષ્ય અવકાશને એની માનવતાથી મઢશે. એમ મને મારા વિજ્ઞાનના વાચન-મનનથી સમજાયું છે. અહીં પાદટીપ રૂપે નોંધવું જોઈએ કે ઉત્ક્રાંતિના અબજો વર્ષના ઇતિહાસમાં જીવનનું, જીવનું જળમાંથી ભૂમિ પર વસવું અને ભૂમિ પરથી, પૃથ્વી પરથી અવકાશમાં વસવું, એ બે મોટી ઘટનાઓ ઘટી છે અને એમાંની બીજી ઘટના તો આપણા જીવનકાળમાં ઘટી છે એનું આપણને ગૌરવ હોવું ઘટે.

તો આ ભૂમિકા સાથે ૧૯૮૫માં હું પ્રથમ વાર અમેરિકા ગયો હતો અને થોડાક દિવસ મેનહેટ્ટનમાં રહ્યો હતો ત્યારે વર્લ્ડ ટ્રેડ સેન્ટરના એક ટાવરની ઓબ્ઝર્વેશન ડેક પરથી એકીનજરે આખા મેનહેટ્ટનના ટાપુને જોયો ત્યારે તરત જ ત્યાં ને ત્યાં જ એક પંક્તિ સૂઝી હતી : આ ન્યૂયૉર્ક નામે પંખી. મેનહેટ્ટન જાણે કે પંખી છે. વર્લ્ડ ટ્રેડ સેન્ટરના બે ટાવર એની બે અધખૂલી પાંખો છે અને ક્યારેક એ અવકાશમાં ઊડી જશે. આ વિગતો સાથે એક શ્લોક લખ્યો હતો :

'આ ન્યૂ યોર્ક નામે પંખી !
શું અધખૂલી બે પાંખે,
નભનીરખતી આંખે
રહ્યું અગમને ઝંખી !'

૧૯૫૬માં પ્રથમ વાર વ્હીટમેનના કાવ્યસંગ્રહ – 'Leaves of Grass'નાં કાવ્યો વાંચ્યાં હતાં. ત્યારથી આ જ લગી વ્હીટમેનનાં કાવ્યો સતત વાંચતો રહ્યો છું. ૧૯૮૫ પછી ફરી એક વાર એ કાવ્યો વાંચ્યાં ત્યારે 'મેનહેટ્ટા' કાવ્યની અંતિમ પંક્તિ – 'City nested in bays ! my city !' (અખાતના નીડમાં બંધ પાંખે બેઠું છે નગર ! મારું નગર !) પર પ્રથમ વાર ધ્યાન ગયું હતું. પૂર્વે આ કાવ્ય વાંચ્યું તો હતું પણ એને વિશે સભાન થયો ન હતો. પણ ૧૯૮૫માં મેનહેટ્ટન માટે મને પંખીનું કલ્પન સૂઝ્યું હતું એથી આ કાવ્ય વિશે હવે સભાન થયો હતો. વ્હીટમેન એટલે મેનહેટ્ટનનો મહાન કવિ. એણે મેનહેટ્ટન વિશે એકાધિક કાવ્યો લખ્યાં છે. આ પંક્તિમાં 'nested' શબ્દમાં સૂચન છે તેમ મેનહેટ્ટન માટે એમણે પંખીનું કલ્પન યોજ્યું છે એ જાણીને આ અનુમોદનથી આનંદ થયો હતો.

૧૯૮૯માં હું બીજી વાર અમેરિકા ગયો હતો ત્યારે એક આખો મહિનો સેન્ટ્રલ પાર્ક પાસે એક મિત્રના એપાર્ટમેન્ટમાં રહ્યો હતો. ત્યારે રોજ સવારથી સાંજ લગી વર્લ્ડ ટ્રેડ સેન્ટરથી હાર્લેમ લગીના વિસ્તારોમાં બારેબાર એવન્યૂ પર અને એમની આસપાસની મહત્ત્વની સ્ટ્રીટ્સ પર ફર્યો હતો. ત્યારે મેનહેટ્ટનનાં વિવિધ સ્થળો, સવાર, બપોર અને સાંજના સમયના વિવિધ મિજાજ અને વિવિધ શ્વેત-અશ્વેત પાત્રોનો અનુભવ કર્યો હતો. જો ભવિષ્યમાં ક્યારેક મેનહેટ્ટન વિશે કાવ્યો લખવાનું થશે તો મેનહેટ્ટનનાં સ્થળ, કાળ અને પાત્રો વિશે લખવાનું થશે એ આશાએ એ કાવ્યોની રૂપરેખા પણ મનમાં આલેખી હતી.

ત્યાં તો ૧૯૯૬માં અચાનક જ પુનશ્ચ કાવ્યો લખવાનું થયું હતું. ચારેક દાયકાના દીર્ઘ સમયના મૌનનો ભંગ થયો હતો. જાણે જીવનમાં બીજી વસંત ન આવી હોય ! આ મારા જીવનની સૌથી સુખદ ઘટના હતી. એનું આશ્ચર્ય હજી શમ્યું નથી. ત્યારથી પ્રેમ, મૈત્રી અને મેનહેટ્ટન વિશેનાં કાવ્યો લખી રહ્યો છું અને આજ લગીમાં બે કાવ્યસંગ્રહો પ્રગટ કર્યા છે.

૨૦૦૧થી વ્હીટમેનનાં કાવ્યોની પ્રેરણાથી અને મેનહેટ્ટન વિશેના મારા અનુભવ પરથી મેનહેટ્ટન વિશે કાવ્યો લખવાનો આરંભ કર્યો છે અને ચાર કાવ્યો લખ્યાં છે. આ વક્તવ્યને અંતે એ કાવ્યો રજૂ કર્યાં છે. હાલમાં હું 'બ્રુકલીન બ્રિજ' વિશે કાવ્ય લખી રહ્યો છું. હજુ બારેક કાવ્યો લખવાનું ધાર્યું છે. એ લખાશે તો ભવિષ્યમાં કુલ ૧૬ કાવ્યોનો

એક ગુચ્છ 'પક્ષીદ્વીપ' શીર્ષકથી પ્રગટ કરવાનું વિચાર્યું છે. આ કાવ્યોમાં મેનહટ્ટન એ નકશા પરનું મેનહટ્ટન નથી, એ મીથિક મેનહટ્ટન છે, એ એક પુરાકલ્પન છે. એમાં ભૌતિક કે ભૌગોલિક નગર નથી, એમાં ચિત્તની એક અવસ્થા છે, સંવેદના છે. એક માનસિક અનુભવ છે, એક ચૈતસિક અનુભૂતિ છે. એમાં મેનહટ્ટનનું વર્ણન કે કથન નથી, કલ્પન કે રૂપક છે. જોસેફ જૂબેરે કહ્યું છે, 'કવિઓ પદાર્થોની વાસ્તવિક ઉપસ્થિતિથી વિશેષ તો કલ્પનોથી પ્રેરાય છે.' એમાં જે ૨૧મી સદીનો છંદ છે, જે બોલચાલની ભાષાનો છંદ છે, જે ગદ્યની સૌથી વધુ નિકટનો છંદ છે, તે છંદ છે. એ સૌ કાવ્યો વનવેલી છંદમાં છે. ટૂંકમાં એ કાવ્યો ચિંતનોર્મિકાવ્યો છે.

મેનહટ્ટન એક અનન્ય અને અદ્વિતીય નગર છે. મેનહટ્ટન જેવું અન્ય નગર અમેરિકામાં તો નથી જ, પણ જગતમાં પણ ક્યાંય નથી. મેનહટ્ટન જેવું કોઈ અન્ય નગર હોય તો તે મેનહટ્ટન છે. અન્ય નગરોની જેમ એને દીર્ઘ ભૂતકાળ નથી, એથી એ ભવિષ્યોન્મુખ નગર છે. મેનહટ્ટનનું અસલ નામ છે મેનહટ્ટા. એ આદિવાસી ભાષાનો શબ્દ છે. એનો અર્થ છે ટેકરીઓનો ટાપુ. એથી એ અવકાશોન્મુખ નગર છે. એના સ્કાયસ્ક્રેપરો એના સાક્ષી છે. મેનહટ્ટન અમેરિકામાં છે પણ એ માત્ર અમેરિકાનું કે શ્વેત અમેરિકનોનું નથી. એનામાં ચુંબકત્વ છે, કોઈ અદ્‌ભુત આકર્ષણ છે. જગતનાં સૌ રાષ્ટ્રોની પ્રજાઓ અહીં આવીને વસી છે. કોઈક સ્વેચ્છાએ નિર્વાસિતો તરીકે તો કોઈ તિરસ્કૃત-બહિષ્કૃત નિરાશ્રિતો તરીકે. મેનહટ્ટને હોંશે હોંશે એ સૌનું સ્વાગત કર્યું છે. સ્ટેચ્યૂ ઑફ લિબર્ટી એનું સાક્ષી છે. મેનહટ્ટન નગરોનું નગર છે, વિરાટ નગર (megalopolis) છે, એ જગતની સંક્ષિપ્ત આવૃત્તિ (microcosm of the world) છે. મેનહટ્ટનમાં યુનાઇટેડ નેશન્સનું હેડક્વાર્ટર છે. પણ એ તો માત્ર ઇમારત છે, મેનહટ્ટન તો સ્વયં યુનાઇટેડ નેશન્સ છે, રાષ્ટ્રસમૂહ છે. રાષ્ટ્રોનું રાષ્ટ્ર છે. મેનહટ્ટન એ મનુષ્યજાતિનું પ્રતીક છે, મીથ છે.

આયુષ્યનાં થોડાંક વર્ષો જો બાકી હશે અને એ બાકીનાં વર્ષોમાં અનુકૂળ સ્વાસ્થ્ય હશે અને જો મેનહટ્ટન વિશેનાં બાકીનાં ૧૨ કાવ્યો લખાશે તો કુલ ૧૬ કાવ્યોનો એક ગુચ્છ 'પક્ષીદ્વીપ' શીર્ષકથી પ્રગટ થશે. 'પક્ષીદ્વીપ' એ ગુજરાતી ભાષામાં મારું એક નવું પ્રસ્થાન હશે, 'પક્ષીદ્વીપ' એ મારું મેનહટ્ટન વિશેનું મીથ હશે, પુરાકલ્પન હશે. એવી આશા સાથે અને આજે આ કાવ્યમુદ્રા ઍવૉર્ડ પ્રાપ્ત કરવા સદ્‌ભાગી થાઉં છું એના આનંદ સાથે ફરી એક વાર કાવ્યમુદ્રા ટ્રસ્ટ અને એના સૌ કાર્યવાહકોનો તથા આપ સૌ શ્રોતાજનોનો હૃદયપૂર્વક આભાર માનીને વિરમું છું.

– નિરંજન ભગત

## જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની **શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણીના** ઉપક્રમે માર્ચ મહિનામાં નીચે મુજબ બે વ્યાખ્યાનો સાંજે **પાંચ વાગ્યે** શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે :

**૧૮ માર્ચ, ૨૦૧૫, બુધવાર** : વિષય : સિરામિક આર્ટના ક્ષેત્રે મારી કલાયાત્રા
વક્તા : શ્રીમતી જ્યોત્સ્ના ભટ્ટ

**૨૫ માર્ચ, ૨૦૧૫, બુધવાર** : વિષય : વિસ્તરતા અને વિકસતા શહેરો સામેના પડકારો
વક્તા : શ્રી રોહિત શુક્લ

## લલિતકલાકેન્દ્ર

◈ **૨૧ માર્ચ ૨૦૧૫, શનિવાર, સાંજના ૫-૩૦ :**

'કૂંચી આપો બાઈજી' કાવ્યસંગીતશ્રેણીના ઉપક્રમે શ્રી વિનોદ જોષીનું કાવ્યપઠન તથા શ્રી અમર ભટ્ટ અને સાથી-કલાકારો દ્વારા તેમનાં ગીતોની પ્રસ્તુતિ.

## ચન્દ્રવદન ચી. મહેતા સ્મારક સમિતિ

◈ **૪ એપ્રિલ ૨૦૧૫, શનિવાર, સાંજના ૫-૩૦ :**

'ચંદ્રવદન મહેતા અને ચરિત્રાત્મક નાટકો' એ વિશે ભરત મહેતાનું વ્યાખ્યાન તથા શ્રી અમર ભટ્ટ દ્વારા ચંદ્રવદન મહેતાના ગીતોની પ્રસ્તુતિ.

---


## 'વિશ્વવિહાર'ની માહિતી અંગે નિવેદન (ફૉર્મ ૪)

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રસિદ્ધિસ્થાન | : | અમદાવાદ |
| ૨. | પ્રસિદ્ધિનો ગાળો | : | માસિક |
| ૩-૪. | પ્રકાશક-મુદ્રક | : | કુમારપાળ દેસાઈ (ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી) |
| | રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સરનામું | : | ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧-૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટીની સામે, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ |
| ૫. | તંત્રી | : | કુમારપાળ દેસાઈ |
| | રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સરનામું | : | ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧-૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટીની સામે, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ |
| ૬. | માલિકનું નામ-સરનામું | : | ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧-૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટીની સામે, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ |

**૧ માર્ચ, ૨૦૧૫** **કુમારપાળ દેસાઈ (પ્રકાશક)**



'કલાગુરુ રવિશંકર રાવળ અને
ગુજરાતમાં કલાનાં પગરણ'
વિશે શ્રી નટુભાઈ પરીખ



'કનુ દેસાઈ : જીવન અને કવન' વિશે વક્તવ્ય આપતા શ્રી રજની વ્યાસ

'આકાશના તારાઓ :
માનવના મિત્ર કે શત્રુ ?'
વિશે ડૉ. સુશ્રુત પટેલ



દર માસની ૫મી તારીખે પ્રકાશિત

RNI No. GUJGUJ/1998/4459. Permitted to post at Ahd PSO
On 5th every month under postal Regd. No. GAMC 1375
2015-17 issued by SSP Ahmedabad-9 Valid Upto 31-12-2017

ISSN 2321 6999




## ગુજરાતી વિશ્વકોશ ગ્રંથશ્રેણી

ગુજરાતી ભાષા, સાહિત્ય અને એની અસ્મિતાને ઉજાગર કરતી
દરેક સંસ્થા, ગ્રંથાલય અને વ્યક્તિએ વસાવવા જેવા
૧૦૦૦ પાનાંનો એક એવા ૧ થી ૨૫ ગ્રંથો
('અ' થી 'હ' સુધી)માં ૧,૭૦૦ થી વધુ વિદ્વાનો અને
લેખકોએ લખેલાં ૧૬૯ વિષયોના ૨૩,૦૦૦થી વધુ લખાણોનો
સમાવેશ સવા કરોડથી વધુ શબ્દસંખ્યા અને અદ્યતન માહિતી
ધરાવતો પ્રમાણભૂત વિશાળ જ્ઞાનસંચય

**(રૂ. ૨૦,૮૦૦/- ની કિંમતના ગ્રંથો ૧૫,૬૦૦/- માં મળશે.)**



## ગુજરાતી બાળવિશ્વકોશ

ગુજરાત બાળવિશ્વકોશ (ભાગ ૧ થી ૫)
સાહિત્ય-કળા અને સામાન્ય જ્ઞાનનાં લગભગ સર્વ ક્ષેત્રોની
માહિતી આપતો આ જ્ઞાનકોશ ૧૧૬૪ અધિકરણો અને
૨૪૫૫ ચિત્રો અને તસવીરોથી સુશોભિત છે. જુદા જુદા ૭૩ જેટલા
વિષયો પર પ્રમાણભૂત માહિતી ધરાવતો આ બાળવિશ્વકોશ
બાળ-કિશોરો માટે અનોખી ભેટ છે. તે સુંદર બહુરંગી ચિત્રો અને
તસવીરોથી સુશોભિત છે. જિજ્ઞાસાથી ઊભરાતાં બાળ-કિશોરો માટે
આ અનોખી ભેટ પુરવાર થશે.

**(કુલ કિંમત ૩,૮૦૦/- રૂ. છે જે ૨૫ % વળતરથી મળશે.)**

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં પ્રકાશનો

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા વિવિધ ગ્રંથ શ્રેણી અંતર્ગત વિવિધ
વાચનસામગ્રી ધરાવતાં 'ગુજરાત', 'ભારત', 'કૅન્સર', 'માનવજનીન વિજ્ઞાન',
'પર્યાવરણ સંહિતા' વગેરે ૬૮ જેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં છે.

**આ પ્રકાશનો ૨૫ % વળતરથી ઉપલબ્ધ થશે.**

મુખ્ય વિક્રેતા અને પ્રાપ્તિસ્થાન
ગૂર્જર એજન્સીઝ. રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન : ૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ